# પાઠ - ૯ ઈશ્વરની ઈચ્છા જાણવી

**યાદ રાખો :** *" તેથી ભાઈઓ, હું તમને વિનંતી કરીને કહું છું કે, દેવની દયાની ખાતર તમે તમારા શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું, અર્પણ કરો. એ તમારી બુધ્ધિપૂર્વક સેવા છે. આ જગતનું રૂપ તમે ન ધરો પણ તમારા મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો. જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો " (રોમન ૧૨ : ૧-૨)*

**પ્રસ્તાવના :** *આપણા જીવનોમાં ઈશ્વરની ઈચ્છા શોધવી અને પાળવી એ આપણું ઋણ છે. આ જીવનમાં આપણા માટે બે બાબતો છે. એક ઈશ્વરની ઈચ્છા પૂરી કરવી અને બીજી ઈશ્વરની ઈચ્છા પૂરી ના કરવી. દરરોજ આપણને પસંદગીઓ કરવાનો સામનો કરવો પડે છે. આપણી પાસે ઈશ્વરનું ડહાપણ તેમના વચનો દ્વારા ઉપલબ્ધ છે કે જેથી આપણે સાચી પસંદગીઓ કરી શકીએ. કેટલીક વખત સાચી પસંદગી ખૂબ જ સ્પષ્ટ હોય છે કેટલીક વખત નથી હોતી. આવી પરિસ્થિતિમાં આપણે ઈશ્વરને તેમના માર્ગદર્શન માટે શોધીએ એ ખૂબ જ અગત્યનું છે. ઈશ્વર આપણને વચન આપે છે કે જે સઘળી બાબતો આપણે કરીએ તેમાં તેમની આણ સ્વીકારીએ, પછી તે નાની હોય કે મોટી અર્થસભર હોય કે અર્થહીન ત્યારે તે આપણા રસ્તાઓ પાધરા કરશે. (નીતિવચનો ૩ :૬)*

## ઈશ્વર આપણને તેમની ઈચ્છા જણાવવા માગે છે.

*(૧) ઈશ્વર આપણને તેમની ઈચ્છા ........................ માંગે છે. (એફેસી ૫ : ૧૭)*

*(૨) તેમની આજ્ઞાઓ આપણી ........................ ઉપરાંત ની નથી, ને આપણાથી ઘણી વેગળી પણ નથી. (પુનર્નિયમ ૩૦ : ૧૧)*

*(૩) પાઉલ કલોસી ૧ : ૯-૧૦ માં લખે છે કે આપણે સર્વ આત્મિક ........................ માં તથા બુધ્ધિમાં તેમની ........................ ના ........................ થી ભરપૂર થઈએ.*

*(૪) કોણ આપણામાં પોતાની પ્રસન્નતા પ્રમાણે આપણામાં ઈચ્છવાની તથા કરવાની પ્રેરણા કરે છે ? (ફિલીપ ૨ : ૧૩) ........................*

*(૫) ઈશ્વર વચન આપે છે કે કયે માર્ગે આપણે ચાલવુ તે આપણને ........................ અને ........................ (ગીતશાસ્ત્ર ૩૨ : ૧૭)*

*(૬) શું કરનારને ઈશ્વર અનંતજીવનનું વચન આપે છે ? (૧ યોહાન ૨ : ૧૭)*

*..............................................................................*

*ઈશ્વર તેમની ઈચ્છા આપણને પ્રગટ કરે છે, આ દ્વારા નીચે આપેલા વચનોને જે વિવિધ રીતો વડે ઈશ્વર તેમની ઈચ્છા આપણને પ્રગટ કરે છે તે સાથે જોડો.*

| | | | |
|---|---|---|---|
| (અ) | પુનર્નિયમ ૨૮ : ૨, ૧૫ | - | તેમનું લેખિત વચન |
| (બ) | રોમન ૮ : ૨૮ | - | તેમનો શ્રાવ્ય અવાજ |
| (ક) | ગીતશાસ્ત્ર ૧ : ૧, નીતિવચનો ૧૧ : ૧૪ | - | સ્વપ્નો અને સંદર્શનો |
| (ડ) | ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૦૫ | - | પરિણામો |
| (ઈ) | પ્રેરિતોના કૃત્યો ૧૦ : ૧૦ | - | વિવેકબુધ્ધિ |
| (ફ) | યશાયા ૩૦ : ૨૧, ૧ રાજા ૧૯ : ૧૨ | - | સલાહ |
| (ગ) | રોમન ૨ : ૧૫, યોહાન ૮ : ૯ | - | બનાવો |

## ઈશ્વરની સામાન્ય અને ખાસ ઈચ્છા

આપણા જીવનો માટે ઈશ્વર પાસે "સામાન્ય" ઈચ્છા અને "ખાસ" ઈચ્છા છે. ઈશ્વરની સામાન્ય ઈચ્છા દરેકને માટે છે. ઈશ્વરની ખાસ ઈચ્છા તમારા જીવન માટે તેમની અંગત યોજના છે. ઈશ્વર તમારા જીવન માટે તેમની ખાસ ઈચ્છા પ્રગટ કરે એ પહેલા તમારે તેમની સામાન્ય ઈચ્છા જાણવી જ જોઈએ, અને તેમાં ચાલવું જ જોઈએ. ગીતશાસ્ત્ર ૩૭ : ૨૩ આપણને કહે છે કે "ન્યાયી માણસના પગલાં ઈશ્વર દ્વારા સ્થિર કરવામાં આવે છે........."

(૧) ઈશ્વરની સામાન્ય ઈચ્છાના ચાર ઉદાહરણો કલમો ૩ - ૭ માં નીચે આપેલા ક્રમ પ્રમાણે છે.

| | |
|---|---|
| ગીતશાસ્ત્ર ૩૭ : ૩ | અ) યહોવા પર ....................... રાખ. |
| ગીતશાસ્ત્ર ૩૭ : ૪ | બ) તું યહોવામાં ....................... કર. |
| ગીતશાસ્ત્ર ૩૭ : ૫ | ક) ....................... યહોવાને સોંપ. |
| ગીતશાસ્ત્ર ૩૭ : ૭ | ડ) યહોવાની ....................... જો. |

ઈશ્વરની સામાન્ય ઈચ્છા પૂરી કરવા આપણે પોતાને આધીન કરીએ એ પહેલા જો આપણે આગળ કૂદકો મારીને તેમની ખાસ ઈચ્છા જાણવાનો પ્રયત્ન કરીએ તો ઈશ્વર તુરંત જ આપણને સામાન્ય ઈચ્છા તરફ પાછા ફરવાનો નિર્દેશ કરશે. આપણે સામાન્ય ઈચ્છાને આધીન થવું જ જોઈએ. જેથી આપણે ઈશ્વરની તેમની આપણા માટેની ખાસ ઈચ્છાને માટે બાધારૂપ ના બનીએ.

(૨) શાઉલ ઈશ્વરની સામાન્ય ઈચ્છાને અનુસર્યો ત્યાર પછી જ ઈશ્વરની ખાસ ઈચ્છા પ્રગટ કરવામાં આવી જ્યારે પવિત્ર આત્માએ કીધું.

"તેઓ પ્રભુની ઉપાસના અને ઉપવાસ કરતા હતા, ત્યારે પવિત્ર આત્માએ તેઓને કહ્યું કે જે ................................... કરવા સારુ મેં બાર્નાબાસ તથા શાઉલને ....................... છે, તે કામને વાસ્તે તેઓને મારે સારુ ....................... પાડો." (પ્રે.કૃ. ૧૩ : ૨)

## જ્યારે ઈશ્વરની ઈચ્છા આપત્તિ લાવે છે.

કેટલાક માને છે કે તમે ઈશ્વરની ઈચ્છામાં જ્યારે બધુ જ બરાબર થતું હોય અને તમને ઈશ્વરની ઈચ્છામાં નથી. જ્યારે પ્રશ્નો હોય આ હંમેશા સાચું નથી. એક ખૂબ જ સરસ ઉદાહરણ જૂના કરારમાં અયૂબ નામના માણસના જીવનમાં જોવા મળે છે. (જુઓ અયૂબ અધ્યાય ૧ અને ૨ ) તે સંપત્તિવાન હતો. તેને સુંદર કુટુંબ હતું અને તેના પૂરા હૃદયથી ઈશ્વરને પ્રેમ કરતો હતો. તેમ છતાં ઈશ્વરે તેની સંપત્તિ તેના બાળકો અને તેની તંદુરસ્તીને ગુમાવવા દીધા. (અયૂબના ત્રણ મિત્રોએ તેના ઉપર આરોપ મૂકયો કે તે કશુંક ખોટું કરી રહ્યો હોવાથી આવી આકરી કસોટીઓ તેના પર આવી હતી.) છતાં પણ અયૂબ તેના બધા સમયમાં ઈશ્વરની ઈચ્છામાં હતો. તેમ છતાં અયૂબે તેના દુઃખોની મધ્યે ઈશ્વરને પ્રેમ કરવાનું અને ભજન કરવાનું ચાલુ રાખ્યું.

આપણા ખ્રિસ્તી વિશ્વાસમાં વધુ સારી રીતે સજ્જ થવા ઈશ્વર આપણને કસોટીઓમાંથી પસાર થવા દે છે.

(૧) "તમારા વિશ્વાસની પરીક્ષામાં પાર ઉતર્યાથી ........................ ઉત્પન્ન થાય છે." (યાકૂબ ૧ : ૩)

(૨) આપણા જીવનોમાં રહેલી પરિસ્થિતિને દૂર કરવા માટે ઈશ્વર ઘણી બધી વખત સંકટોના અનુભવમાંથી આપણને પસાર કરશે. આ રીતે વિપત્તિ દ્વારા આપણે શુધ્ધ થઈ છીએ.
ઈશ્વર આપણને ક્યાં શુધ્ધ કરે છે ?
(યશાયા ૪૮ : ૧૦) ........................

(૩) આપણા વિશ્વાસની પરીક્ષા ........................ કરતાં બહુ મૂલ્યવાન છે. (૧ પિત્તર ૧ : ૭)

(૪) એ અગત્યનું છે કે હકારાત્મ વલણ જાળવો અને યાદ રાખો કે એકંદરે સઘળુ ........................ નીવડે છે. (રોમન ૮ : ૨૮)

(૫) જ્યારે વિપત્તિ આપણા ઉપર આવી પડે છે ત્યારે આપણને શું કરવાનું કહેવામાં આવ્યું છે ? (૧ પિત્તર ૪ : ૧૨-૧૩)

## સારાંશ

ઈશ્વરની ઈચ્છામાં જીવવું એ આપણા જીવનોમાં બનતા મોટા પ્રસંગો માટે માત્ર તેમના પર વિશ્વાસ કરવો તે નથી, પરંતુ એ તો દરરોજ તેમની ઈચ્છાને સમર્પિત જીવન જીવવું તે છે. ખ્રિસ્તના શરીરમાં આપણા બધાનું વિશિષ્ટ સ્થાન છે.

ઈશ્વર આપણી સાથે પ્રેમથી વાત કરે છે અને કહે છે,

"કેમ કે જે ઈરાદા હું તમારા વિશે રાખું છું તેઓને હું જાણું છુ, એવું યહોવા કહે છે. એ ઈરાદા ભવિષ્યમાં તમને આશા આપવા શાંતિને લગતા છે. તમે મને હાંક મારશો ને તમે જઈને મારી પ્રાર્થના કરશો, એટલે હું

*તમારું સાંભળીશ. તમે મને શોધનો ને તમે તમારા ખરા હૃદયથી મને ઢૂંઢશો ત્યારે હું તમને મળીશ.'' (યર્મિયા ૨૯ : ૧૧-૧૩)*

*તેમના વચન અને પ્રાર્થના દ્વારા તમારા જીવન માટે ઈશ્વરની ઈચ્છાને શોધો.*

*યાદ રાખો, ઈશ્વર આપણને ''જીવન'' આપવા આવ્યા અને તે પણ ભરપૂરપણે.*

## ઉત્તરો
## ઈશ્વરની ઈચ્છા જાણવી

**ઈશ્વર આપણને તેમની ઈચ્છા જણાવવા માગે છે.**

(૧) સમજાવવા

(૨) શાંતિ

(૩) સમજણ, ઈચ્છા, જ્ઞાન

(૪) ઈશ્વર

(૫) શીખવશે, બતાવશે

(૬) જે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કરે છે.

**ઈશ્વર તેમની ઈચ્છા આપણને પ્રગટ કરે છે આ દ્વારા**

(૧) ડ, ફ, ઈ, અ, ગ, ક, બ

**ઈશ્વરની સામાન્ય અને ખાસ ઈચ્છા**

(૧) ભરોસો

(૨) આનંદ

(૩) તારા માર્ગો

(૪) વાટ

(૨) કામ, બોલાવ્યા, જુદા

**જ્યારે ઈશ્વરની ઈચ્છા આપત્તિ લાવે છે.**

(૧) ધીરજ

(૨) વિપત્તિરૂપી ભઠ્ઠીમાં

(૩) સોના

(૪) હિતકારક

(૫) આનંદ કરવાનું.